# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ,

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

## જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (વર્ગ-૩) સીધી ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૧૪-૧૫

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ દ્વારા મળેલ માંગણીપત્રક મુજબ જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ૨૪૬૭ જગ્યાઓ નીચે જણાવેલ વિગતે મેરીટના ધોરણે ભરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે નીચે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓન-લાઈન મંગાવવામાં આવે છે. ઉમેદવારે અરજી તા.૧૫/૧૨/૨૦૧૪ થી તા.૨૬/૧૨/૨૦૧૪ દરમ્યાન આ કચેરીની વેબ સાઈટ www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓન-લાઈન કરવાની રહેશે.

| શિક્ષણ સમિતિ | મુખ્ય શિક્ષકની ભરવાપાત્ર જગ્યાઓ | બિન અનામત (OP) | અનુ. જાતિ (SC) | અનુ. જનજાતિ (ST) | સા.શૈ.પ. વર્ગ (SEBC) | કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી 3% લેખે વિકલાંગ માટે અનામત (PH) |
|---|---|---|---|---|---|---|
| જિલ્લા શિક્ષણ સમિતિ | ૨૩૭૧ | ૧૨૪૩ | ૧૫૮ | ૪૪૩ | ૫૨૭ | ૭૧ |
| નગર શિક્ષણ સમિતિ | ૯૬ | ૪૧ | ૦૬ | ૩૪ | ૧૫ | ૦૩ |
| કુલ | ૨૪૬૭ | ૧૨૮૪ | ૧૬૪ | ૪૭૭ | ૫૪૨ | ૭૪ |

**-જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ અને સામાન્ય સૂચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે.**

**અરજી પત્રક ઓન-લાઈન ભરવા માટેની સૂચનાઓ:**

(૧) મુખ્ય શિક્ષક(હેડ ટીચર) અંગેનું ઓન-લાઈન અરજી પત્રક વેબસાઈટ www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર ઓન-લાઈન તા.૧૫/૧૨/૨૦૧૪ સવારના ૧૧:૦૦ કલાકથી ***તા.૨૬/૧૨/૨૦૧૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી*** ભરી શકાશે. ઓન-લાઈન અરજી ફોર્મ કોઈપણ કમ્પ્યૂટર કે જેની સાથે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

(૨) HTAT પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઈપ કરી અને પરીક્ષાની તારીખ પસંદ કરો પછી CONTINUE બટન ઉપર ક્લીક કરો જેથી તમારું HTAT Result દેખાશે. ત્યાર બાદ CONTINUE બટન પર ક્લીક કરતાં અરજી પત્રક ખુલશે.

(૩) ઓન-લાઈન ભરેલું ફોર્મ કમ્પ્યૂટર ઉપર SAVE કર્યા પછી તે માહિતી ઓન-લાઈન ચકાસી લેવી. ભરેલા ફોર્મમાં કોઈપણ ફેરફાર કરવો હોય તો EDIT ની મદદથી ઓન-લાઈન સુધારા કરવા. અરજી ફોર્મની PRINT કાઢવા માટે Submit કર્યા પછી PRINT કાઢવી.

(૪) સ્વીકાર કેન્દ્રોની યાદી વેબસાઈટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ છે.

(૫) અરજી પત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરુરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) ઉમેદવારે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૧૧/સીંગલફાઈલ/૩/ક, તા.૧૬/૦૫/૨૦૧૨ ના (૨) ક,ખ,ગ,ઘ માં દર્શાવ્યા મુજબ અનુભવના તમામ પુરાવા જોડવાના રહેશે. તે મુજબના રજૂ કરેલ પુરાવા માન્ય રહેશે.

(૭) અરજી પત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ સાચવવી, અને પસંદગી સમયે અચુક સાથે લાવવી.

(૮) મુખ્ય શિક્ષક તરીકે પસંદગી પામનાર તમામ ઉમેદવારોને રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરેલ એસ.એલ.પી.નં.૧૮૧૩૬/૨૦૧૩ના આખરી ચુકાદાને આધીન નિમણૂંક આપવામાં આવશે.

(૯) મુખ્ય શિક્ષક માટે અરજી કરનાર ઉમેદવાર દ્વારા શિક્ષણ વિભાગના તા.૨૦/૦૬/૨૦૧૩ના ઠરાવની જોગવાઈ મુજબ HTAT પાસ કર્યા અંગેનું જે ગુણપત્રક રજૂ કરવામાં આવશે તેને જ ધ્યાને લેવામાં આવશે અને ઉમેદવારના પાંચ વર્ષનો અનુભવ HTAT પરીક્ષા ફોર્મ ભરવાની છેલ્લી તારીખે પૂર્ણ થયેલ હોવો જોઈએ.

**(૧૦)અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા.૧૫/૧૨/૨૦૧૪ થી તા.૨૬/૧૨/૨૦૧૪ સુધી રુબરુમાં સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.**

(૧૧)ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, અને તે રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજી પત્રકો મોકલવા નહીં.

(૧૨)અરજી પત્રક ભરતાં પહેલા વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

**આર.સી.રાવલ**
અધ્યક્ષ,
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તા.૦૮/૧૨/૨૦૧૪
સ્થળ: ગાંધીનગર
જા.ક.૦૧/૨૦૧૪.

HTB.14-15.Advt01@DPE.IT.PM